ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0

# સાવધાન : શહેરમાં કોરોનાના કેસ ડબલ

## શહેરમાં ૨૪ કલાકમાં વધુ ૧૦ કેસ નોંધાયા : સે. ૩૦ માં ૪, સે. ૮, ૨૭, આઈ.આઈ.ટી. તેમજ રાંદેસણમાં એક-એક કેસ : કોબામાં બે કેસ નોંધાયા : ૪ માસ બાદ શહેરમાં કોરોનાથી પ્રથમ મૃત્યુ નોંધાયુ : ઈન્ફોસીટીના વૃદ્ધનું સારવાર દરમ્યાન મોત

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર શહેરમાં કોરોનાના આજે વધુ ૧૦ કેસ નોંધાયા છે. ગ્રામ્ય વિસ્તારમાં દહેગામ તાલુકાનો એક કેસ નોંધાયો છે પણ દર્દી અમદાવાદ કોર્પોરેશન વિસ્તારમાં રહેઠાણ ધરાવતુ હોવાથી અમદાવાદ મનપામાં તબદીલ કરવામાં આવેલ છે. શહેરમાં ચાર માસ પછી કોરોનાથી મૃત્યુ પણ આજે નોંધાયુ છે.

ગાંધીનગર શહેરમાં ૪૦ દિવસ બાદ કોરોનાના કેસો એક સાથે ૧૦ નોંધાતા તંત્રમાં હડકંપ મચી જવા પામ્યો છે. આજે નોંધાયેલા સમગ્ર રાજ્યમાં ત્રીજા નંબરે ગાંધીનગરના કેસો છે.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના રહીશો પણ હાલ બહાર વસતા હોય તેવા કેસો પણ નોંધાવવામાં શરૂ થતાં તંત્ર હવે સતર્ક બન્યુ છે અને પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખી રહેલ છે.

ગાંધીનગર શહેરમાં જે કેસો નોંધાઈ રહ્યા છે તેમાં મોટા ભાગના દર્દીઓની ટ્રાવેલ હિસ્ટ્રી સામે આવી રહી છે તેથી પણ તંત્રની ચિંતા વધી છે. દરમ્યાન ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ઓ.પી.ડી.માં પણ છુટા છવાયા કેસો મળવાના શરૂ થયાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર શહેરમાં આજે નોંધાયેલા ૧૦ કેસમાં પાંચ જેટલા દર્દીઓની ટ્રાવેલ હિસ્ટ્રી નહિ હોવાનું જાણવા મળેલ છે. જ્યારે બીજા પાંચ દર્દીઓ ગોવા, ચારધામ તેમજ અમદાવાદની મુલાકાતે જઈ પરત ફર્યાનું જાણવા મળેલ છે.

આજે નોંધાયેલા ૧૦ કેસમાંથી ૬ મહિલા દર્દી છે. મહિલા દર્દીઓની સંખ્યા વધી રહી હોવાથી તંત્રની ચિંતા વધી છે.

શહેરમાં લોકલ ટ્રાન્સમિશન થયાનો સીધો સ્વીકાર તંત્ર કરતુ નથી તેમજ ચોથી લ્હેર આવી રહ્યાનો પણ ઈન્કાર કરી રહેલ છે. તંત્ર હજુ પણ સંક્રમણની સ્થિતિ નિયંત્રણ હેઠળ હોવાનો દાવો કરે છે.

શહેરમાં આજે કોરોનાને કારણે ૪ મહિના પછી એક દર્દીનું મોત થયુ છે. ૨ જૂને ૭૦ વર્ષીય વૃદ્ધને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા હતા જ્યાં આજે સારવાર દરમ્યાન દર્દીનું મોત નીપજ્યુ છે. આજે શહેરમાં પ્રથમ મોત નોંધાતા પણ તંત્રમાં શોકની લાગણી પ્રસરી જવા પામી છે.

ગાંધીનગર શહેરમાં આજે સે. ૩૦ માંથી એક સાથે ૪ કેસ મળી આવ્યા છે. આ ઉપરાંત સે. ૮ અને ૨૭માંથી એક-એક , કોબામાંથી બે કેસ, આઈ.આઈ.ટી. અને રાંદેસણમાંથી એક-એક કેસ મળી આવેલ છે.

સે. ૩૦માંથી ૨૮ વર્ષીય મહિલા, ૫૦ વર્ષીય મહિલા, ૨૨ વર્ષીય પુરૂષ, ૧૭ વર્ષીય દિકરીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ચારેય દર્દી કોઈપણ પ્રકારની ટ્રાવેલ હિસ્ટ્રી ધરાવતા નહિ હોવાનું જાણવા મળેલ છે.

સે. ૮માં એક ૨૫ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે જે યુવાન લગ્ન સમારોહમાં હાજરી આપવા અમદાવાદ ગયો હતો.

કોબામાં નોંધાયેલ બે કેસોમાં દર્દીઓ કેદારનાથ યાત્રાએ ગયા હતા અને ૭ જૂને જ પરત ફર્યા છે જેમને તાવ તેમજ અન્ય લક્ષણો જણાતાં તપાસ કરાવતાં રિપોર્ટ પોઝીટીવ આવેલ છે.

આઈઆઈટીમાં ૫૨ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે જે અમદાવાદ સાયન્સ સીટીની મુલાકાતે ગયા હોવાનું જાણવા મળેલ છે.

રાંદેસણમાં ૪૨ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવેલ છે. જેઓ ગોવા ફરવા ગયા હતા અને ૫ મી જૂને પરત ફર્યા હોવાનું જાણવા મળેલ છે.

શહેરમાં આજે નોંધાયેલ આ દસેય દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

ગાંધીનગર શહેરમાં હવે એક્ટીવ કેસની સંખ્યા ૪૫ પર પહોંચી છે. મોટાભાગના દર્દીઓ કોરોનાના હળવા લક્ષણો જણાતાં હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે. તંત્રએ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી કડક રીતે થાય તે જોવા તાકીદ કરી છે.

શહેરમાં સઘન સર્વેલન્સ તેમજ જાહેર સ્થાનો પર સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તે જોવા માટે પણ સૂચનાઓ આપી છે.

# દહેગામ પાલિકમાં સમિતિઓના મામલે ભાજપમાં વિખવાદ

### આ મામલે જિલ્લા ભાજપની નેતાગીરીએ દરમ્યાનગીરી કરી હતી પણ સુમેળ સાધવામાં નિષ્ફળતા મળતાં સામાન્ય સભા ૧૦ દિવસ માટે મુલ્તવી રખાઈ

ગાંધીનગર, તા. ૧૦

દહેગામ નગરપાલિકામાં સમિતિઓની રચના માટે ભાજપની આંતરિક જૂથબંધી આજે ખુલીને બહાર આવી હતી. ન.પા.ની સામાન્ય સભા પહેલા બે કલાક માટે અને પછી દસ દિવસ સુધી મુલ્તવી રાખવામાં આવી હતી. હવે ૧૭ જૂને પુનઃ બેઠક મળશે.

આ મામલે જિલ્લા ભાજપની નેતાગીરીએ દરમ્યાનગીરી કરી હતી પણ સુમેળ સાધવામાં નિષ્ફળતા મળતાં સભાને દસ દિવસ માટે સ્થગિત કરવાની જાહેરાત કરાઈ હતી.

એજન્ડા પ્રમાણે સવારે ૧૧ વાગે શરૂ થનાર બેઠક શરૂ થતાં પહેલા ભાજપના આંતરિક વિખવાદોને લઈ બે કલાક મુલ્તવી રાખવામાં આવી હતી. વિપક્ષે આ અંગે વાંધા ઉઠાવ્યા હતા તેમજ વિરોધ પણ નોંધાવ્યો હતો.

કમિટીઓમાં સભ્યોની નિયુક્તીને લઈ સહમતિ સાધવામાં ન આવતાં કોકડુ ગુંચવાઈ જવા પામ્યુ હતુ.

રાજકીય વર્તુળોમાં ચાલેલી ચર્ચાઓ મુજબ પ્રમુખ-ઉપપ્રમુખ સહિતના ૧૫ સભ્યોએ પ્રદેશ કાર્યાલયથી આવેલા સિલબંધ કવરમાં પોતાનુ નામ ન હોવાને કારણે સહિઓ કરી નથી તો ૮ જેટલા સભ્યોએ સહિ કરી છે જેમને ખબર પડી ગઈ હતી કે તેમના નામનો સમિતિઓમાં સમાવાયા છે. આ આખી ઘટનાનું પેપર લીક થઈ જતાં સભ્યો બરાબરના રોષે ભરાયા હતા.

આજનો ભાજપનો આંતરિક અસંતોષ ચૂંટણી પહેલાં નવા-જૂનીના સંકેતો આપી રહ્યાની ચર્ચા પણ રાજકીય વર્તુળોમાં શરૂ થઈ છે.

જિલ્લાની નેતાગીરી સામે દહેગામમાં પહેલેથી અસંતોષ ચાલ્યો આવ્યો છે એટલુ જ નહિ આ અસંતોષને ઠારવા માટે ડેમેજ કંટ્રોલની કામગીરી જે અસરકાર રીતે થવી જોઈએ તે કરવામાં જિલ્લાનું નેતૃત્વ ઉણુ ઉતર્યુ છે.

# સે-૨૧માં ગટરલાઈન ચોકઅપ



### વેપારીઓ ત્રાહીમામ : કચરો ઠલવાતો હોવાથી સમસ્યા જટીલ બની : તંત્ર દ્વારા ચોક અપ દુર કરવા માટે કામગીરી શરૂ કરાઇ : સેકટરોમાં નવી લાઇન નાંખવામાં આવી રહી છે ત્યારે શોપિંગ વિસ્તારમાં પણ ચોક અપની સમસ્યાને ડામવા જરૂરી ઠેકાણે નવી લાઇન નાંખવા ત્વરિત કામ હાથ ધરાય તેવી પણ માંગ

ગાંધીનગર તા ૧૦

ગાંધીનગરના સેકટરોમાં ગટરો ઉભરાવાની સમસ્યાથી સેકટરવાસીઓ ત્રાહીમામ છે. જો કે દાયકાઓ જુની ગટર લાઇન બદલવા માટે પણ કામ શરૂ કરી દેવાયુ છે. સેકટરોમાં પાણીની જેમ ગટર લાઇનનુ પણ નવુ નેટવર્ક ઉભુ કરવામાં આવી રહ્યુ છે. પરંતુ સેકટરોમાં વર્ષો જુની લાઈન નાના ડાયામીટરની હોવાથી ગટરોનુ દુષિત પાણી ઉભરાતુ હોવાની ફરિયાદો છાશવારે સ્થાનિકો માટે રોષનુ કારણ બને છે. સે-૨૧ ડિસ્ટ્રીકટ શોપિંગ સેન્ટરમાં પણ છેલ્લા કેટલાક દિવસોથી ગટરો ઉભરાવાની ફરિયાદોથી વેપારીઓ તાબા છે. જયારે તંત્રએ આ ઠેકાણે લાઈનનુ ચોકઅપ દુર કરવા માટે પણ કામગીરી શરૂ કરી છે જયારે આ દરમિયાન લાઈનમાં બિનજરૂરી કચરો ઠલવાતો હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે જેના લીધે વારંવાર લાઈન ચોક અપ થવાની સમસ્યા ઉભી થઈ છે. ત્યારે આ મામલે વેપારીઓએ પણ જાગૃત થવાની અનિવાર્યતા હોવાનો સુર ઉઠવા પામ્યો છે.

શહેરના સે-૨૧ માં ગટરો ઉભરાવાની સમસ્યાથી સ્થાનિક વેપારીઓ તોબા પોકારી ગયા છે. હાલની સ્થિતિએ પણ સે-૨૧ ના ડિસ્ટ્રીકટ શોપિંગ સેન્ટરમાં ગટરોનુ દુષિત પાણી ભરાતા વેપારીઓ અને મુલાકાતીઓ ત્રાહીમામ છે. જો કે તંત્ર દ્વારા છેલ્લા બે દિવસથી ચોક અપ થયેલી ગટર લાઈન સાફ કરવા માટે કામગીરી હાથ ધરવામાં આવી છે. બીજીતરફ પાટનગર યોજના વિભાગના સુત્રોમાંથી મળતી માહીતી અનુસાર ગટર લાઈનમાં કેટલાક સ્થાનિક વેપારીઓ દ્વારા પણ બિનજરૂરી ખાદ્યસામગ્રીનો કચરો ઠાલવવામાં આવતો હોવાનુ સ્પષ્ટથઈ રહ્યુ છે. લોટ તેમજ ખાદ્યચીજવસ્તુઓની બનાવટમાં ઉપયોગમાં લેવાતી સામગ્રીનો પણ લાઈનમાં ભરાવો થાય છે જેના લીધે લાઈન ચોક અપ થવાની ફરિયાદો વધી છે. હાલમાં શોપિંગ વિસ્તારમાં સ્થિત દુકાનોના ભોંયરામાં પણ ગટર લાઈનનુ દુષિત પાણી ભરાઇ ગયુ હોવાનો રોષ વેપારીઓ ઠાલવી રહ્યા છે. ગાંધીનગરના સેકટરોમાં વર્ષો જુની

● અનુસંધાન પાન-૭ પર




Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com